Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity - ISSN : 2279-0233

Continuous Issue -34 | May – June 2018

# લોભવૃત્તિનું વરવું દર્શન કરાવતી વાર્તા- 'ગોપી'(સુન્દરમ્)

'ગોપી' વાર્તા 'ગોપીથી હીરાકણી' સંગ્રહમાં સંગ્રહિત છે. વાર્તામાં વાર્તાકારે છેવાડાના એવા રાવળિયા કોમની સંવેદનાને વાચા 'ગોપી'ના પાત્ર દ્વારા આપી છે. સુન્દરમ્ પાસે ગ્રામીણજીવન અને નગરજીવન એમ બન્નેયનું સંતુલિત આલેખન મળે છે ને તેમાં કલાસૂઝ દાખવી પણ શક્યા છે, તે મહત્વની બાબત છે.આ વાર્તામાં વિચરતી કોમની(રાવળીયાકોમની–ઢોલી)-સમાજની સંવેદના, બાપની લોભવૃત્તિ, ચતુર પટેલની પૈસા વસુલ કરવાની ખોટી દાનતતથા સંવેદનહીન સમાજ વગેરે બાબતો ગોપીના પાત્ર દ્વારા વાર્તાકારે રજૂ કરી છે.

'ગોપી'(ગોપાળ-ગોપાળિયો) એવો ગોપાળનો જન્મ મોતી રાવળને ત્યાં થાય છે. નાનપણમાં માતા-બહેનની છત્રછાયા ગુમાવનાર આ ગોપાળનો મોતી રાવળ 'મોતીના છોડ'ની જેમ ઉછેર કરે છે. સમય જતાં તે 'મોતીનો છોડ' જ બની જાય છે. ગામ, શહેર, જિલ્લામાં જે નાચ-ગાનરજૂ કરતો, વેશ ભજવતો તેનાથી 'મોતી રાવળની' ટુકડીને બદલે 'ગોપીની ટુકડી' નામ વધુ જાણીતું બને છે.

વાર્તામાં 'ગોપીની ટુકડી' જે રંગત જમાવતી હતી તેનાથી ગામ-શહેરમાં 'ગોપીની ટુકડી' લાવવાની હરીફાઈ જામતી હતી. 'ગોપીની ટુકડી' વિના લગ્નપ્રસંગ અધૂરો ગણાતો હતો. એવા ગોપીની ટુકડીને ચતુર પટેલને ત્યાં લાવવામાં આવે છે. આખા લગ્નની જે રંગત જમાવી છે અને અંતે જે કાર્યક્રમ યોજાયો છે તેમાં ગોપીનો થાક-વેદનાને જોવામાં આવતો નથી. કાર્યક્રમની લાજ રાખવા પ્રયત્ન કરતો એવો ગોપી ચતુર પટેલના વેવાઈને ત્યાં જે કાર્યક્રમ કરે છે તેમાં નાચતા-નાચતા ઢગલો થઈ જાય છે. અતિશય લોભવૃત્તિને કારણે મોતી રાવળનો મોતીનો છોડ-ગોપી નંદવાય છે. તેની કરુણગાથા 'ગોપી' વાર્તામાં નિરૂપાઈ છે.

વાર્તામાં છેવાડાના વર્ગના એવા રાવળિયા- ઢોલીના સમાજની ગાથા નિરૂપાઈછે. વાર્તાના આરંભમાં ગોપી પ્રેક્ષકગણને જે રીતે આનંદ-મોજ કરાવે છે તેનાથી શરૂ થાય છે. વાર્તાકારે આ ગોપી-ગોપાળમાંથી કેવી રીતે બન્યો તેની ટૂંકમાં ગાથા આલેખી છે. પરંતુ વાર્તાનો પ્રાણ પ્રસંગ તો ચતુર પટેલને ત્યાં જે રંગત જામે છે તે સમયનો છે. 'ગોપી' નાચ દરમિયાન જે 'ગીત' ગાતો, વેશ ભજવતો, તેનાથી વેશ ભજવનારાઓની તરકીબો, કેવી રીતે તેમાં રંગત લાવવી વગેરેની સૂઝ વાર્તાકાર પાસે છે તેનો ખ્યાલ ગોપીના પાત્ર દ્વારા આવે છે. વાર્તાકારેઆ વાતાવરણ વિશે લખ્યું છે કે, 'મોતી રાવળ સિવાય ચારે રાવળિયાઓએ લૂગડાં પહેર્યાં હતાં. ગોપી અને કૃષ્ણ થનાર છોકરા સિવાયના બીજા બે રાવળિયા આધેડ હતા. એમની શોભા ઓર ખીલી નીકળતી હતી. કાળાં શરીર, બેઠેલાં ડાચાં, મૂછ મૂડેલું મોં અને તે ઉપર સુંદરીના સોળ શણગાર! ખભે ઢોલકાં ટાંગી ધમધમાટ ધમકચકડ સાથે ચકરીઓ લેવી અને ગોપીના નાચ માટે વાતાવરણ જમાવવું એ એમનું કર્તવ્ય હતું. ગોપી અને કા'ન રમતાં ત્યારે એ બે જણ બાજુએ ઊભા રહી ઢોલક વગાડ્યે જતા અને મોતી રાવળ એક બાજુએ બેસી એની ધોળી પાઘડીવાળું માથું

હલાવતો ગાલ ફુલાવી શરણાઈ વગાડતો.'(સુન્દરમ્ ની શ્રેષ્ઠ વાર્તાઓ, સં. ચન્દ્રકાન્ત શેઠ, આદર્શ પ્રકાશન, અમદાવાદ, ત્રીજું પુનર્મુદ્રણ:૨૦૦૮, પૃ.૨૫)

આ ઉપરાંત સુન્દરમ્ 'ગોપી'ને સજાવવા-શણગારવા મોતી રાવળ જે સામગ્રીનો ઉપયોગ કરે છે તેનું આલેખન ખૂબ જ ચીવટથી કર્યું છે. જેમકે, 'મોટા ઘેરવાળા ઘાઘરને ગુલાબી, વાદળી, લીલી સાડીઓ કાઢી. એક કટાયેલા પતરાના દાબડામાંથી ખોટાં મોતીનાં કંઠા, બંગળીઓ અને બીજી શૃંગારસામગ્રી કાઢી. ગોપીએ તથા કા'ન બનનાર છોકરાએ તૈયાર થવા માંડયું. કોઈ સુકેશીને પણ શરમાવે એવો ચોટલો ગોપીએ તેલ નાખીને ગૂંથ્યો. ગોળ ચહેરો પાઉડર લગાવતાં વધારે ખીલ્યો. આંખમાં મેશ, ગાલે તથા ચિબુકે વાદળી ટીપકી, નાકમાં મોટી વાળી કાનમાં ઝુમ્મર, સેંથામાં મોતીની માંગ, કાંડે મોતીની બબ્બે હારના ચાપડા, તંગ સૂંથણ ઉપર કિરમજી રંગનો ઘેરદાર ઘાઘરો, ઉપર દક્ષિણી ઢબે જાંબલી ઓઢણી અને છેવટે, મુનિવરનાં પણ મન ચળાવે એવી મીઠી ઘૂઘરીઓ એમ ગોપીનો શૃંગાર સજાયો.' (એજન, પૃ.૨૪)

આ શણગાર-સામગ્રી આપણને તે સમયની યાદ અપાવે છે. દેશી સામગ્રી તથા વર્ણન 'ગોપી' કેવો લાગતો હશે તેનો ચિતાર મળી રહે છે. તેમાં અસલ જીવન નિરૂપાયું છે. તો વાર્તામાં પ્રયોજાયેલ ગીતો-ભજનો દેશી પરિવેશ રચવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તે પદ્યરચનાઓ આ મુજબ છે.

'હાં... થઈ પ્રેમવશ પાતળિયા...આ...
મારા મનના માલિક મળિયા રે... થઈ!' (એજન, પૃ.૧૯)
'મારી સજની, તું ક્યાં રમી આવી રજની?
સાચું બોલ, બોલ, બોલ.' (એજન, પૃ.૨૦)
'છેટો છેટો રહે નંદના છોકરા રે,
મારા રાંધળિયાં અભડાય રે,-'
હાં રે, ગોપી ! ઘેલી તું ઘેલી હાં રે રૂપચંદનની વેલી, છકેલી, ઓ ઘેલી!' (એજન, પૃ.૨૬)

આ ગીતો વાર્તામાં દેશી પરિવેશ રચવામાં મહત્વનો ભાગ ભજવે છે. આ ગીતો લુપ્ત થઈ રહ્યા છે. તો વેશ ભજવનાર પાત્રો-તેની કળા પણ યંત્રસંસ્કૃતિને અસરને કારણે વિસરાઈ રહી છે. તેની યાદ આ વાર્તા અપાવે છે.

વાર્તામાં ગોપીની ટુકડી પોતાના ઘેર આવ્યાથી ચતુર પટેલની આબરૂ રહી ગઈનો સંતોષ છે. સાથે સાથે પચાસ રૂપિયા જેવી મોટી રકમ આપવી પડશે તેનો રંજ પણ છે પરંતુ તેનો કોઈ ઉપાય નથી હવે તો આ પૈસા વસૂલ બરાબર કરવા તે તરફ જ તેઓ ધ્યાન આપે છે. ને આમેય ગોપીની ટૂંકડીને કોઈને કોઈ બહાને ગીત વગાડીને નચાવી લે છે. કોઈ પ્રસંગ એ ઢોલી વગર જવા દેતા પણ નથી. 'ગોપીની ટુકડી' પણ જાણે છે પરંતુ બચારી ઢોલીની જાત સામે થોડી બોલી શકે? વળી મોતી રાવળના મનમાંય થોડો લોભ પણ ખરો કે નાચ-ગાન દરમિયાન થોડી બક્ષીસ મળે તેને. પણ આ બધામાં મરો થતો હતો ગોપીનો. તે બાપની લોભવૃત્તિ અને ચતુર પટેલની આબરૂને પણ સાચવતો હતો.

વાર્તાના અંતે ચતુર પટેલના વેવાઈને ત્યાંનો અંતિમ પ્રસંગ વાર્તાને નવો ઘાટ આપે છે. થાકેલા એવા ગોપીની કોઈ દરકાર કરતું નથી. 'લાજ રાખજો મા ખોડીયાર, તને રાજી કરીશ, છોકરાને રમાડાજે, મારી મા!'(એજન, પૃ.૨૬) જેવા શબ્દો મોતી રાવળ બોલ્યે જાય છે. ચતુર પટેલને પણ થાય છે કે વેવાઈના માંડવે જે વટ પડયો છે તે જાણી આ છોકરો-ગોપી આવીને જે માગશે તે આપ્યા વિના પોતાને તથા વેવાઈને છુટકો નથી. તો આ બાજુ મોતી રાવળને પણ લોભ છે. વાર્તામાં લેખકે લખ્યું છે કે, 'આખી બેઠક તરફ નજર નાખી; જાણે ત્યાં રૂપિયાની વાડી ન ઊગી હોય અને હમણાં દીકરો એને વેડી આવશે અને મારો ખોળો ભરી દેશે! મોતી રાવળની આંખો ધોળે દહાડે સ્વપ્ન દેખવા લાગી. રૂપિયાના ભારથી જાણે તેનું ગજવું ભારે થવા લાગ્યું' (એજન, પૃ.૨૭).

આમ બાપાની લોભવૃત્તિને કારણે અંતે મોતી રાવળનો ગોપી વેરાઈ જાય છે. 'નાચવાના કુડાળાની વચ્ચે ગોપી ઢગલો થઈને પડયો હતો.' (એજન, પૃ.૨૭) આ શબ્દો વાર્તાને જુદી જ દિશામાં લઈ જાય છે. પણ લેખકે 'અંતે મૃત્યુ પામ્યો' એવી સ્પષ્ટતા કરી નથી, પરંતુ 'મોતી રાવળનું સ્વપ્ન વેરાઈ ગયું હતું' જેવો ઉલ્લેખ સ્પષ્ટ કરી દે છે કે અતિશય લોભથી શું પરિણામ આવે છે?

ગોપીની ઈચ્છા કે અનિચ્છાનો ખ્યાલ રાખ્યા વિના તેને મનોરંજનના સાધન તરીકે જોતો સમાજ માનવીય સંવેદના ગુમાવી બેઠયો છે. તે વાર્તામાંથી પ્રગટ થાય છે. પણ જે મનોરંજન કરાવે છે તે પણ માણસ છે. એ ચતુર પટેલ, મોતી રાવળ અને અન્ય લોકો ભૂલી જાય છે. અતિશય લોભને કારણે આવી પડતી મુશ્કેલીને જીવનનો અંત વાર્તામાં નિરૂપાયો છે.

ગોપી' વાર્તાના શીર્ષકના સંદર્ભે વિજય શાત્રી નોંધે છે કે ''ગોપી' વાર્તાનો મર્મ તેના શીર્ષકમાં છે. ગોકુળની ગોપી જેમ કૃષ્ણઘેલછામાં સાનભાન ભૂલી સમર્પિત થઈ જતી, ચોતરફના વિશ્વના સ્થૂળ, મલિન વ્યવહારોથી પર બની જતી, તેની વચ્ચે સ્થૂળ દેહે રહેવા છતાં ચિત્તથી તે તેનાથી ઊફરી-ઊર્ધ્વ-થઈ જતી એવી ભાવતન્મયતા અને ભાવતીવ્રતાની કક્ષાએ વાર્તાના કેન્દ્રમાં રહેલા મોતી રાવળનો પુત્ર ગોપાળ પણ પહોંચે છે. એ રીતે ગોકુળના પુરાણપ્રસિદ્ધ ગોપીના અને ગોપાળના પાત્રને પરસ્પરના પયાર્ય તરીકે લેખકે ઉપસાવવા ધાર્યા છે. હીરાબેન પાઠકે એક વાર વાતચીતમાં સુન્દરમ્ ની વાર્તાઓનાં પાત્રોને અનુલક્ષીને કંઈક એવા મતલબનું કહેલું કે શ્રી. સુન્દરમ્ ના એક વાર્તાસંગ્રહનું 'પિયાસી' એવું નામ સુન્દરમ્ ની ઘણી વાર્તાઓનું સૂચક છે. એમનાં પાત્રોમાં કોઈક દિવ્ય, અપાર્થિવ, ભાવ, વિચાર, ઝંખના દેખાય છે. ઝંખનાનું, આરતનું તત્ત્વ અહીં ગોપાળમાં પણ છે.' (ચાર વાર્તાકારો એક અભ્યાસ, વિજય શાસ્ત્રી, પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ, ત્રીજી આવૃત્તિ:૨૦૦૩, પૃ. ૯૧) વાર્તાનું શીર્ષક મુખ્ય પાત્રને આધીન છે. તથા વાર્તાને કેન્દ્ર સ્થાને ગોપીની જ સંવેદના નિરૂપાઈ છે. માટે શીર્ષક યોગ્ય છે.

વાર્તામાં 'ગોપી' ઉપનામ વિશે સ્પષ્ટતા કરતા વાર્તાકારે લખ્યું છે કે, 'સૌભાગ્ય-સુંદરીના ખેલમાં અદ્દભુત કામ કરવાથી શ્રી જયશંકર ભોજકને જેમ 'સુંદરી'નું ઉપનામ મળ્યું છે તે પ્રમાણે મોતી રાવળિયાના છોકરા ગોપાળિયાને લગ્ન વખતે ગોપીનો વેશ સુંદર રીતે લેવા બદલ 'ગોપી'નું ઉપનામ મળેલું.' (સુન્દરમ્ ની શ્રેષ્ઠ વાર્તાઓ, સં. ચંદ્રકાન્ત શેઠ, આદર્શ પ્રકાશન, અમદાવાદ, ત્રીજું પુનર્મુદ્રણ:૨૦૦૮, પૃ.૨૧) તે ઉપનામ વાર્તામાં સાર્થક છે. કૃષ્ણ સાથે જોડાયેલી 'ગોપી'નો વેશ અહીં સાર્થક બને છે.વાર્તામાં માંડવા-મુહૂર્તથી માંડી ગુજરાં ગોરમટી, વરધ ભરવાની, પોશ ભરવાની વગેરે વિધિનું આલેખન ગ્રામીણ જીવનને રજૂ કરે છે. તો 'જગદંબા, મારી

મા', 'ધન્ય માતા ખોડીયાર', 'જે હો તારી, ખોડિયાર મારી મા', 'રમાડાજે મા', 'તને રાજી કરીશ' જેવા શબ્દો મોતી રાવળ બોલે છે તેમાં તેમની શ્રદ્ધા પ્રગટે છે. આ સમગ્ર બાબતો સુન્દરમ્ જોઈ-અનુભવી હોય એવું લાગે છે. માટે તેનું સચોટ બયાન વાર્તામાંથી પ્રાપ્ત થાય છે.

વાર્તાના અંત સંદર્ભે સુરેશ દલાલનો મત જુઓ- 'ગોપીના કલાકાર જીવની નરી મુગ્ધતા અને તલ્લીનતા તો સહૃદયને સુન્દરમ્ ના કાવ્ય 'બક્ષીસ'ની યાદ આપે એવી છે... આવાર્તાના અંતે જે મૂર્છા આવે છે તે ગોપીને લાગેલી સમાધિનો સ્થૂળ આવિષ્કાર છે કે પ્રાણની તલ્લીનતા સાથે કદમ ન મિલાવી શકતા શરીરની શરણાગતિ?' (સુન્દરમ્ ની શ્રેષ્ઠ વાર્તાઓ, સં. સુરેશ દલાલ, આદર્શ પ્રકાશન, અમદાવાદ, બીજું પુનર્મુદ્રણ:૨૦૦૭ ,પૃ.૭) આ પ્રશ્ન ભાવકને પણ થાય છે. કેમકે વાર્તાકારે મોતી રાવળનું 'સ્વપ્ન વેરાઈ ગયું હતું' એમ કહ્યું છે.

જયારે ગોપી' વાર્તાના સંદર્ભમાં ચન્દ્રકાન્ત શેઠ નોંધે કે 'મોતીના છોડની જેમ મોતી રાવળે ઉછેરેલો ગોપાળ-'ગોપી' એના પોતાના માટે આજીવિકાનું-કમાણીનું મજબૂત સાધન હતો; પણ એ સાધન પોતાની જ લોભવૃત્તિ અને મજબૂરીના કારણે જે રીતે નંદવાઈ જાય છે તે એક કરુણ વેદનાકર ઘટના છે.' (સુન્દરમ્ ની શ્રેષ્ઠ વાર્તાઓ, સં. ચંદ્રકાન્ત શેઠ, આદર્શ પ્રકાશન, અમદાવાદ, ત્રીજું પુનર્મુદ્રણ:૨૦૦૮, પૃ.૯) વાર્તામાં બે પરિસ્થિતિ જોડાજોડ ચાલે છે. એકબાજુ ગોપીની ભાવતન્મયતા અને બીજી બાજુ સમાજના પ્રેક્ષકોની જુદી-જુદી માગ તથા હલકટ ચેનચાળાઓ. 'ગોપી'નું નંદવાનું કારણ આ જુદી વિષમ પરિસ્થિતિ પણ છે.

દેશી લોકકલાકારોનું સમાજમાં સ્થાન અને તેમનું લોકઉત્સવમાં જોવા મળતું સ્થાન તથા આ લોક પ્રત્યે સંવેદનહીન સમાજ કેવી નજરે જુએ છે તે દૃષ્ટિ પણ વાર્તામાં નિરૂપાઈ છે. 'રાવળ ઢોલી' જાતિ પોતાનો પરંપરાગત વ્યવસાયો ભૂલી ગયા છે. તેનું અસ્તિત્વ જોખમાયું છે. ભારતીય સંસ્કૃતિની ભાવનાને જાળવી રાખતા આ કલાકારોની કળા વધુ પડતી આંધળી આધુનિકતાને કારણે લુપ્ત થઈ રહી છે. સુન્દરમ્ ની કલાસૂઝ તથા ગ્રામીણ જીવનને સૂક્ષ્મ દૃષ્ટિકોણથી જીવ્યાનો અનુભવ હોવાથી વાર્તાના વસ્તુમાં અસલિયત જોવા મળે છે. તે અર્થમાં 'ગોપી' વાર્તા એ કૃષ્ણમય બની જતા ગોપાળ રાવળિયાની કથા છે.

## સંદર્ભ


I. સુન્દરમ્ ની શ્રેષ્ઠ વાર્તાઓ, સં.ચંદ્રકાન્ત શેઠ, આદર્શ પ્રકાશન, અમદાવાદ, ત્રીજું પુનર્મુદ્રણ:૨૦૦૮
II. સુન્દરમ્ ની શ્રેષ્ઠ વાર્તાઓ, સં.સુરેશ દલાલ, આદર્શ પ્રકાશન, અમદાવાદ, બીજું પુનર્મુદ્રણ:૨૦૦૭
III. સુન્દરમ્(સર્જક-પ્રતિભા શ્રેણી), ડૉ.રમેશ એમ. ત્રિવેદી, આદર્શ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ.:૨૦૦૭
IV. સ્નેહરશ્મિ અને સુન્દરમ્ ની વાર્તાકલા, પ્રો. ડૉ. કે.જે. વાળા, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, પ્ર.આ. ૨૦૦૬
V. વાર્તાવિમર્શ, બાબુ દાવલપુરા, ડિવાઇન પબ્લિકેશન, અમદાવાદ, બીજી આવૃત્તિ: ૨૦૧૨
VI. શબ્દયોગ, સં. મફત ઓઝા અને અન્ય પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ:૨૦૦૮
VII. ચાર વાર્તાકારો એક અભ્યાસ, વિજય શાસ્ત્રી, પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ, ત્રીજી આવૃત્તિ: ૨૦૦૩

****************************************************************************************

ડૉ. નીતિન રાઠોડ
આસિસ્ટન્ટ પ્રોફેસર
ગુજરાતી વિભાગ
ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સરકારી કોલેજ
સિલવાસા

Copyright © 2012 - 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat